Research Paper Commerce

# Bharatiya Arthtantra Na Lekha Joka

**Dr.Mahesh Barad** | I/C Principal, Sheth S.V.Arts & Commerce college - Mandvi (kutch)

**KEYWORDS**

ભારતની આઝાદીના ૬૬ વર્ષ પુરા થયા. આટલો સમયગાળો કોઈપણ દેશના અર્થતંત્રના મુલ્યાંકન માટે પુરતો કહેવાય. અને તેથી આઝાદીના ૬૭માં વર્ષમાં ભારતીય અર્થતંત્રે કેટલી મંજલ કાપી છે,કયાં ઉભુ છે અને કઈ દીશામાં કેટલી ગતિથી જઈ રહયું છે તે જાણવું જરૂરી છે. ભારતીય અર્થતંત્ર વિશે ઘણા પ્રકારના ખ્યાલો પ્રવર્તમાન છે. shining in india, superpower india થી માંડીને shabby india સુધીના ખ્યાલોનો આમાં સમાવેશ થઈ જાય છે. તેથી ભારતના આર્થિક ઈતિહાસને ત્રણ યુગમાં વહેંચી શકાય. પ્રથમ યુગ સંસ્થાવાદ પુર્વે સતરમી સદી સુધી,બીજો યુગ બ્રિટીશ સંસ્થાઓએ સતરમી સદીમાં વસાહતી યુગની શરૂઆત કરી. જેનો અંત ૧૯૪૭ માં આઝાદી સાથે આવ્યો હતો. અને ત્રીજો ગાળો ૧૯૪૭ની આઝાદીથી લઈ ને હમણા સુધી લંબાવ્યો છે.

આમ ભારતીય અર્થતંત્ર વિશાળ વ્યવસ્થા છે. જેના વિવિધ આયામો જેવા કે,આર્થિક વૃધ્ધિ, વિકાસ, ગરીબી, બેકારી, ફુગાવો, આંતરરાષ્ટ્રીય વેપાર,નાણાંકીય નીતી, શેરબજાર, કૃષિ, ઉધોગો, સેવાઓ અને માનવવિકાસ ને લગતા જે પાસાઓ છે જેમાં મુખ્યત્વે માથાદીઠ આવક,શિક્ષણ તથા આરોગ્યનો સમાવેશ થાય છે. અને અર્થતંત્ર સાથે વસ્તી અને ગરીબી આ બાબતો સાથે સીધી રીતે સંકળાયેલી હોવાથી આ લેખમાં આવા પાસાઓને સાંકળી લેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

અંગ્રેજોના શાસનકાળ દરમ્યાન અર્થતત્ર માટે છુટાછવાયા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. પરંતુ આઝાદી બાદ ભારતના અર્થતંત્રનો સમગ્ર અરીસો બદલાયો છે. વર્ષ ૧૯૫૦ ના ગોરાવાલા સમિતિના રિપોર્ટથી લઈને વર્ષ૧૯૫૩ અને વર્ષ ૧૯૫૭ માં રજુ થયેલા રિર્પોટ અને વહીવટી પ્રક્રિયા સાથે સંકળાયેલા વિવિધપાસા પર ૨૦ રિર્પોટ રજુ થયા હતા. જાહેર વહીવટી ક્ષેત્રમાં કેટલાક સૈધ્ધાંતિક અને વ્યવહારિક ફેરફારો કર્યા હતા. જેને ન્યુ પબ્લીક એડમીનીસ્ટ્રેશન તરીકે ઓળખવામાં આવ્યા હતા.

આઝાદી બાદ લગભગ સાત પંચવર્ષીય યોજનાઓ સુધી આર્થિક વૅધ્ધિ દર ૨ થી ૩ ટકા ની આસપાસ રહયો હતો. તેથી પ્રોફેસર રાજકૃષ્ના એ આ આર્થિકવૃધ્ધિ દર ને" HINDU RATE OF GROWTH" ગણાવ્યો હતો. પરંતુ આપણે બધા જાણીએ છીએ તેમ વર્ષ ૧૯૯૦–૧૯૯૧ માં આવેલ આર્થિક કટોકટી કે જેમાં વિદેશી હુંડિયામણ માત્ર એક–બે અઠવાડીયા ચાલે તેટલું જ હતુ ત્યારે આ પ્રકારના વિકટ સંજોગો ઉભા થતા અર્થતંત્ર ના પલટાયા અને જેને પરિણામે હાલના વડાપ્રધાન અને ત્યારના નાણામંત્રી શ્રી મનમોહન સિંહે ઉદારીકરણ,ખાનગીકરણ અને વૈશ્વકીકરણ અપનાવ્યા હતા. આ યુગ "LPG" હતો એટલે કે L એટલે Liberalization, P – privatization, અને G એટલે Globalization જેને લીધે જાહેર ક્ષેત્રનું મહત્વ ઘટવા માંડયુ અને બજારનું મહત્વ વધવા માંડયુ હતુ. અને તેની અસર આર્થિકવૃધ્ધિ ના દર પર દેખાવા માંડી અને આર્થિકવૃધ્ધિ દર ૭ –૮ ટકા સુધી પહોચ્યો. પરંતુ આ નવી આર્થિક નિતીના બે દાયકા ઉપરના સમય બાદ આર્થિકવૃધ્ધિ દર ફરી ૫ ટકા આવી ગયો છે. જેને કેટલાક Neo Hindu rate of Growth તરીકે ઓળખાવે છે.

આઝાદી સમયે ભારતની માથાદીઠ આવક જે ૭,૦૦૦–/ હતી તે વધીને ૪૦,૦૦૦–/ થઈ છે. પરંતુ આંતરરાષ્ટ્રીય તુલનામાં ભારતનો આ બાબતે નંબર ૧૨૬ મો છે. જે દેશો ભારતની આઝાદીની આસપાસ આઝાદ થયા હતા અને જેઓએ ભારતની જેમ જ નવી શરૂઆત કરી હતી તેવા દેશો જેવા કે સાઉથ કોરીઆ , જાપાન , સિંગાપોર અને ચીન નો ક્રમાક અનુંક્રમે ૨૬,૨૩,૪ અને ૯૨ મો છે. આમ આ બધા દેશોની માથા દીઠ આવક ભારતથી વધુ છે.

ભારતની સૌથી મોટી સમસ્યા અર્થતંત્રની પ્રગતિને અવરોધતી હોય તો તે છે "ગરીબી". ભારતમાં ગરીબીના આંકડાને લઈને જેટલા વિવાદો સર્જાયા છે તેટલા વિવાદો બીજા કોઈ આંકડાઓ માટે સર્જાયા નથી. ગરીબીનો આંક શધવા માટે ગીરીબી રેખાને ધ્યાનમાં લેવાય છે. આ ઉપરાંત વ્યકિત દીઠ કેલરીને ધ્યાનમાં લેવાય છે. સંખ્યા પ્રમાણે સૌથી વધુ ગરીબો ભારતમાં વસે છે. આતરરાષ્ટ્રીય ગરીબી રેખા જે વિશ્વબેંક દ્વારા માથાદીઠ સરેરાશ બે ડોલર રાખવામાં આવી છે. તે પ્રમાણે ભારતના ૬૯ ટકા લોકો ગરીબી રેખા નીચે જીવી રહયા છે. જે આંકડો ચીન માટે ૩૦ ટકા છે. આમ,ચીન કરતાં ભારતમાં ગરીબીનો દર બમણોથી પણ વધુ છે, એક બાજુ ગરીબીની આ દારૂણ સ્થિતી પ્રવર્તે છે,તો બીજી બાજુ સૌથી વધુ ધનિક ની યાદીમાં ભારતનો ક્રમ બીજું છે.

ભારતમાં મોટાભાગના લોકો કૃષિ ક્ષેત્રકમાં કામ કરે છે ભારતની રાષ્ટ્રીય આવકના ૨૬ ટકા કૃષિ ક્ષેત્રમાંથી મળે છે. અને કૃષિ ક્ષેત્ર ૬૪ ટકા લોકોને રાજગારી આપે છે. અને ભારતના સમગ્ર સામાજીક–આર્થિક વિકાસમાં કૃષિ મહત્વની ભુમિકા ભજવે છે તેથી ભારતની કોઈપણ સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રને મહત્વ આપવામાં આવ્યો છે.ભારતમાં ૧૯૫૦થી પંચવર્ષીય યોજનાઓમાં કૅષિ ક્ષેત્ર પર વિશેષ ભાર મુકતા અને ભારતમાં હરીત ક્રતીના સમયથી સિંચાઈ,ટેકનોલોજી,આધુનિક કૅષિ પધ્ધિતનો ઉપયોગ અને કૅષિ ધિરાણ તં થા સબસીડીની જોગવાઈને કારણે તમામ પાકની નિપજમાં વધારો થયો છે. તેમજ ભારત વિશ્વમાં દુધ,કાજુ,નારીયેલ,ચા,આદુ, હળદર અને કાળા મરીનું સૌથી વધુ ઉત્પાદન કરતો દેશ છે. અને ભારત વિશ્વમાં સૌથી વધુ ઢોર–ઢાકર ધરાવતો દેશ છે. છેલ્લા દસ વર્ષમાં યુપીએ સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રને ઘણું મહત્વ આપવામાં આવ્યું છે. કૃષિ ક્ષેત્ર ને મળતા ધિરાણમાં ૩૦૦ ટકાનો માતબાર વધારો સરકારે કર્યો છે. આ ઉપરાંત બેંકો દ્વારા ૬૫૦ લાખ રૂપિયા નાના મોટા ખેડુતોને ૨૦૧૨–૨૦૧૩ માં કૃષિ ધિરાણ અપાયું હતું. ૨૦૧૩ દરમ્યાન ભારતે ખેત–પેદાશોની ૪૧ અબજ ડોલર જેટલી નિકાસ કરેલી હતી. જેની સામે આયાત ફકત ૨૦ અબજ ડોલર હતી. ખેત–પેદાશોની વિશ્વ વેપારમાં ભારતનો હિસ્સો ૧૯૯૦માં માંડ ૦.૮ ટકા હતો જે ૨૦૧૨–૧૩ માં વધીને ૨.૬ ટકા થયો હતો. યુપીએ સરકારે તેના શાસનકાળ દરમ્યાન ખોરાક માટેની ફુડ સબસીડીમાં ત્રણ ગણો વધારો કર્યા હતો જે આમ આદમી માટે આર્શિવાદ રૂપ પગલું હતું.ખેતીવાડી ક્ષેત્રની પ્રગતિ માટે લેવાયેલા પગલા ના ફળ સ્વરૂપે ૨૦૦૪થી દેશમાં અનાજ ઉત્પાદન માં વિક્રમો ઉતોરતર નો ધાતા જ રહયા છે. ૧ લી જુલાઈ ૨૦૧૨ ના રોજ દેશમાં ૮૦૦ લાખ ટન અનાજ નો સ્ટોક અનામત સ્વરૂપે રહયો હતો જે દર્શાવે છે કે કૃષિ ક્ષેત્રે વૈશ્વિકરણ ની નીતી અમલમાં મુ કયા બાદ ભારતની અર્થ વ્યવસ્થાને વિશ્વની અર્થવ્યવસ્થા સાથે નકકી કરેલા લક્ષ્યાંકો નિશ્ચીત સમયમાં પુર્ણ કરવા કટીબધ્ધ છે.

ભારત કૃષિ પ્રધાન દેશ છે અને ભારતની વસ્તીનો મોટો સમુદાય કૃષિ ક્ષેત્ર રોકાયેલો છે. પરંતુ ઘણી વખત ભારત માં કૃષિ વરસાદ પર આધારીત છે અને ભારતમાં વરસાદ અનિયમીય અને અનિશ્રીત હોય છે.તેથી ઘણી વખત કૃષિ નિષ્ફળ જાય છે અને ખેડુતો બેરોજગાર બને છે આની અસર રાષ્ટ્રીય અર્થકારણ પર પડે છે. જો ભારતમાં સિંચાઈની સગવડ વધારવામાં આવે અને ઉધોગોનો વિકાસ કરી ખેતી પરનું ભારણ ઓછુ કરવામાં આવે તો કૃષિ અને ખેડુતો નો વિકાસ થાય તેવું લાગી રહયું છે.

ભારતના અર્થતંત્ર ને જો કોઈ મોટી અસર કરતુ હોય તો તે સાક્ષરતા અને બેરોજગારી છે. પરંતુ ભારતમાં સાક્ષરતા દરમાં આઝાદી બાદ સારો એવો વધારો નોંધાયો છે. ૧૯૫૧ માં સાક્ષરતા દર ૧૮ ટકા હતો. જે વધી ને હાલ ૭૪ ટકા થયો છે. આ ઉપરાંત સ્ત્રી સાક્ષરતા દર માં અદભુત વધારો જોવા મળ્યો છે. ૯ ટકા માંથી ૬૬ ટકા થયો છે. પરંતુ સાક્ષરતા દર માં સ્ત્રી પુરૂષો નું તફાવત યથાવત રહેવા પામ્યો છે. પ્રથમ નામની સંસ્થા દ્વારા કરવામાં આવતી મોજણી દર વર્ષે ASER (Annual Status of Education Report) તરીકે પ્રસિધ્ધ થાય છે. તે પ્રમાણે આપણા દેશમાં ધોરણ ૫ માં ભણતા ૫૦ ટકા બાળકો ધોરણ ૨ ના પુસ્તકો પણ વાંચી શકતા નથી. ગણિતને લગતી ગણતરીઓમાં પણ આજ સ્થિતી છે. અને સરકારી કે ખાનગી શાળાઓનો દેખાવ ગુણવતા બાબતે લગભગ સરખો છે. ભારત સરકાર દર વર્ષે રાષ્ટ્રીય આવકના ૩.૩ ટકા શિક્ષણ પાછળ ખર્ચે છે. જેમાં ભારતનો નંબર ૧૩૧મો છે. આ સ્થિતી ને કારણે ભારતના અર્થતંત્રને ઘણું સહનકરવું પડે કારણકે ભારતમાં ઉધોગોનું પ્રમાણ વધતું રહયું છે. તેની સામે ઉધોગોમાં કામ કરી શકે તેવા કુશળ અને જ્ઞાન ધરાવતા કર્મચારીઓનો અભાવ જોવા મળે છે. જેને કારણે વિદેશી કંપનીઓ પોતાના માણસો ગોઠવી દેતા હોય છે જેની અસર સામાન્ય રીતે અર્થતંત્ર ઉપર જોવા મળે છે.

પરંતુ યુપીએ સરકારે શિક્ષણનો અધિકાર આપ્યા બાદ દેશભરમાં શાળા પ્રવેશ લેનાર બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. એકપણ બાળક પ્રાથમિક શિક્ષણ થી વંચિત રહે નહિ તેવા સાર્વત્રિક શિક્ષણની લક્ષ્યાંક પુરતી સુધી લગભગ ભારત હવે પહોંચી ગયુ છે. અધુરા ભણતરે શાળા છોડતા બાળકોનું પ્રમાણ ઘટયું હોવાથી માધ્યમિક શિક્ષણ લેતા વિદ્યાર્થીઓમાં પણ વધારો થાય છે. સર્વશિક્ષ અભિયાન માટેની નાણાકીય ફાળવણી માટે આશરે દસ ગણું વધધારો નોંધાતા ભારતનું અક્ષરજ્ઞાન સ્તર ખરેખર બહેતર બન્યું છે. બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર કાયદો ૨૦૦૯ એસરકારનું ઐતિહાસિક કદમ છે. આ ઐતિહાસિક કદમ ના કારણે આવનારા સમયમાં ભારત ના ઉધોગોમાં કામ કરી શકે તેવા કુશળઅનેજ્ઞાન ધરાવતા કર્મચારીઓ મળી રહેશે. જેને કારણે ભારતના આર્થિક પ્રોત્સાહન મળી રહેશે.

વૈશ્વિકરણના યુગમાં ભારતમાં આર્થિક સ્થિરતા લાવવા તથા લેણદેણની તુલનાને વધુ કથળ તી અટકાવવા માટે ૨૪ જુલાઈ ૧૯૯૧માં તત્કાલીન નરસિંહરાવની સરકારે આર્થિક ક્ષેત્રે સુધારા કરવાના હેતુથી નવી આર્થિક નીતિની જાહેરાત કરી, તે અન્વયે દેશના અર્થતંત્રમાં ઉદારીકરણ, ખાનગીકરણ, વૈશ્વિકીકરણની પ્રક્રિયા શરૂ થઈ અને તેની અસર દેશના વિદેશ વ્યાપાર પર પણ થાય તે સ્વાભાવિક હતું તેથી નરસિંહરાવની સરકારે ૧૯૯૧માં નિકાસોની સ્પર્ધાત્મકતા પર ભાર મૂકી અને બજારલક્ષી વિદેશી વ્યાપાર નીતિની જાહેરાત

કરવામાં આવી.

૧૯૯૧ની નવી વિદેશ વ્યાપારનીતિ અગાઉની નીતિ કરતાં બે બાબતોમાં જુદી પડે છે. (૧) અત્યાર સુધીની વેપાર નીતિમાં આયાત નીતિ અને વિકાસ નીતિનો અલગ અલગ રીતે વિચાર કરવામાં આવતો હતો. તેને સ્થાને હવે માત્ર આયાતોનો નિકાસો સાથે જ નહી, પરંતુ સમગ્ર અર્થતંત્ર સાથે સુગ્રથિત રીતે વિચાર કરવામાં આવ્યો તેથી આયાત નિકાસ નીતિમાં ફેરફાર કરવાની સાથે સાથે દેશની ઔદ્યોગિક નીતિ રાજકોષીય નીતિ અને નાણાકીય નીતિમાં પણ જરૂરી ફેરફારો કરવામાં આવ્યા. (૨) ૧૯૮૫ સુધી તદન હંગામી પ્રકારની વિદેશ વેપાર નીતિ અમલમાં મુકવામાં આવતી તેથી લાંબા ગાળાનો વ્યૂહ વિચારવાનું શકય ન હતું. ૧૯૯૧માં એવી પ્રતીતિ થવા લાગેલ કે વિદેશ વેપારનીતિને આપણા આયોજિત આર્થિક પ્રયત્નો સાથે સાંકળી લેવી જોઈએ. તેથી ૧૯૯૨થી આપણે પાંચ વર્ષ માટેની વિદેશ વેપાર નીતિની જાહેરાત કરવા લાગ્યા. અલબત તેમાં દર વર્ષે જરૂરિયાત પ્રમાણે સીમાંત સ્વરૂપના ફેરફારો કરવામાં આવ્યા છે.

આમ, ભારતમાં ૧૯૯૧ અને ત્યાર પછીની વ્યાપાર નીતિના હેતુઓમાં મુખ્યત્વે નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

- અર્થતંત્રના વૈશ્વિકરણને વેગ આપવો.
- દિર્ઘકાલીન આર્થિક વિકાસને ઉતેજન આપવું.
- વિદેશી વ્યાપારમાં હરીફાઈની ક્ષમતા વધારવી.
- ગ્રાહકોને વ્યાજબી ભાવે ગુણવતા યુકત વસ્તુ મળી શકે.

ઉપરોકત હેતુઓને સિદ્ધ કરવા માટે દેશને નિકાસ અને આયાત નીતિમાં ઘણા બધા ફેરફારો કરવામાં આવ્યા જેમ કે,

- રોકડ વળતર સહાય નાબૂતી.
- જકાત પરત કરવાની યોજના લાગુ પાડી.
- હિરા અને ઝવેરાતની નિકાસને ઉતેજન આપ્યું.
- આયાતોને વધુમાં વધુ મુકત કરવામાં આવી.
- આયાત–જકાતમાં ઘટાડો કરવામાં આવ્યો.

આમ, ૧૯૯૧માં વ્યાપારનીતિમાં ઘણા બધાં ફેરફારો થયા બાદ દસમી યોજનાના સમયગાળને (૨૦૦૨ થી ૨૦૦૭) અનુરૂપ પાંચ વર્ષ માટે નવી આયાત નિકાસની જાહેરાત ૩૧મી માર્ચ ૨૦૦૨ના રોજ કરવામાં આવી તેમાં પ્રતિવર્ષ ૮૦ અબજ ડોલરની નિકાસ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો. અગાઉની નીતિની મૂળભૂત બાબતોને ધ્યાનમાં રાખીને આ નવી નીતિમાં ૮%નો વાર્ષિક નિકાસ વૃદ્ધિદર પ્રાપ્ત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો અને આ નવી નીતિમાં નિકાસોને પ્રોત્સાહન આવકવેરામાં રાહત, કસ્ટમ ડયુટીમાં ઘટાડો વગેરે જેવા પ્રોત્સાહનો સરકાર દ્વારા આપવામાં આવ્યા હતાં.

ભારતમાં ત્યારબાદ ૩૧મી ઓગસ્ટ ૨૦૦૪ના રોજ ૨૦૦૨–૨૦૦૭ને આયાત નિકાસ નીતિના સ્થાને બદલાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ૫ વર્ષના ગાળા માટે ૨૦૦૪–૨૦૦૮ની નવી રાષ્ટ્રીય વિદેશ વ્યાપાર નીતિની જાહેરાત કરવામાં આવી. આ નવી રાષ્ટ્રીય વિદેશ નીતિનાં મુખ્ય બે ઉદેશ હતા,

૧. આગલા પાંચ વર્ષમાં નિકાસોમાં પ્રતિવર્ષ સરેરાશ ૨૦ ટકાનો વધારો કરીને ૨૦૦૩માં વિશ્વ વ્યાપારમાં ભારતનો હિસ્સો ૦.૭ ટકાનો હતો તે વધારીને ૨૦૦૯માં ૧.૫ ટકાનો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ માટે ૨૦૦૩–૦૪માં ભારતનો નિકાસ વેપાર ૬૧.૪૮ અબજ ડોલરનો હતો તે વધારીને ૨૦૦૯માં ૧૯૫ અબજ ડોલર સુધી પહોચાડવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
૨. અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકોમાં વૃદ્ધિ સર્જનારા નિકાસલક્ષી ઉદ્યોગો સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

આમ, આ નીતિમાં ઉપરના બંને પાયાનાં ઉદ્દેશોને સિદ્ધ કરવા માટે ઘણી બધી બાબતોમાં પ્રોત્સાહન આપવામાં આવ્યા જેમ કે,

- ફળો, શાકભાજીની નિકાસને પ્રોત્સાહન કરે.
- ખેતપેદાશોની અધિક નિકાસ કરવાવાળને કરમુકત ઋણ આપવામાં આવશે કે જે તેની નિકાસના ૫% જેટલો હશે.
- નવા હેન્ડીકાફટ સ્પેશિયલ ઈકોનોમિક જોનની સ્થાપના કરવામાં આવશે.
- રત્ન અને આભૂષણ માટે ૨% મૂલ્યસુધી શૂલ્ક–મુકત આયાતની મજૂરી આપવામાં આવી.
- ચર્મ ઉદ્યોગ માટે સુલ્કમુકત આયાતની મર્યાદા વધારીને નિકાસના મૂલ્યના ૫% કર વામાં આવી.
- સેવાઓની નિકાસને પ્રોત્સાહિત કરવા માટે સંવર્ધન પરિષદ (Services Export Promotion Council) ની સ્થાપના કરવામાં આવી.

આમ, ઉપરોકત વિદેશ વ્યાપારનીતિમાં ઘણી બાબતોમાં પ્રોત્સાહન આપી ભારતે વિદેશવ્યાપારમાં એક નવો આયામ સિદ્ધ કરવા તરફ પ્રયાણ કર્યા.

આમ, ભારતમાં વિદેશ વ્યાપાર નીતિઓમાં ઘણા બધા ફેરફારો લાવી ભારતનું અર્થતંત્ર હવે દુનિયાના અર્થતંત્રના એક ઘટકરૂપ બનતું જાય છે. તેથી દુનિયાના અર્થતંત્રમાં થતા ફેરફારોની અસર અનિવાર્યપણે ભારતીય અર્થતંત્ર પર પણ પડે છે. નિકાસ–આયાત ક્ષેત્ર મુકત વ્યાપારની દિશામાં આગળ વધતું જાય છે તેથી નિકાસ–આયાત સંબંધી વ્યવહારો અને સોદાઓમાં બજારતંત્રનો વ્યાપ વધતો જાય છે. ભારતમાં હવે નિકાસ–આયાતક્ષેત્ર બજારતંત્રને હવાલે થતું જાય છે. તેથી અમુક વર્ષો પછી એવું બને કે નિકાસ–આયાત નીતિ સંબંધી જાહેરાત કે નીતિ નિરર્થક બની રહે પરિણામે આવી કોઈ નીતિની જરૂરિયાત જ ન રહે.

આમ, વૈશ્વિકરણમાં ભારતે પોતાની વિદેશ નીતિની અંદર ઘણા ફેરફાર કરી અને ભારતે ભારતીય સંસ્કૃતિ તેમજ ભારતમાં થતી ઉત્પાદન વસ્તુઓને વિશ્વના દેશો સુધી પહોચાડવાનો પ્રયત્ન કર્યો.

આમ, વિશ્વના વ્યાપાર પર વૈશ્વિકરણને અત્યંત ઘેરી અસર પાડી છે. વૈશ્વિકરણની ઓળખ ગણાતા વ્યાપારના વાતાવરણમાં વિશ્વ સંકોચાતું લાગે છે અને વિશ્વના કોઈ દૂરના ખૂણે આવેલો કારોબાર પણ ગલીના નાકે ચાલતા કોઈ વ્યાપાર પર મોટી અસર પાડી શકે છે. ઈન્ટરનેટનો સંપર્ક અને ઈ–કોમર્સે ત્રીજા વિશ્વના દેશોના અત્યંત નાના એકમોને પણ ઔદ્યોગિક વિશ્વના સમૃદ્ધ વ્યાપારના ક્ષેત્રમાં લાવી દીધા છે અને જૂનવાણી લૂમ પર હાથવણાટનું કામ કરતાં ઓછી આવક મેળવતા કારીગરો પણ મોટા શહેરના ડીલરો સાથે સ્પર્ધા કરે તેવું વૈશ્વિકરણે શ્રમબળની વસતીને પણ અસર પહોચાડી છે.

વૈશ્વિકરણના હકારાત્મક પાસાઓ જાણવા ખૂબ જ સરળ છે અને તેના મોટા ફાયદા દરેક જગ્યાએ નજરે ચડે છે. ત્યારે તેના કેટલાક નકારાત્મક ફળ પણ છે જે માત્ર કેટલાક કોર્પોરેશનને વૈશ્વિક બનવા માટે પ્રોત્સાહન આપતા પાસાઓનું અથવા તેના પરિણામોનું ફળ હોઈ શકે છે. વૈશ્વિકરણ વિશ્વભરમાં અર્થતંત્રો અને સમાજોનું વધતું જતું એકીકરણ–આંતરરાષ્ટ્રીય અર્થતંત્રોમાં પાછલા કેટલાક વર્ષોથી સૌથી વધુ ચર્ચાતો મુદ્દો છે. ૨૦ વર્ષ પહેલા ગરીબ હતા તેવા ચીન, ભારત અને અન્ય દેશોમાં ઝડપી વૃદ્ધિ અને ગરીબીમાં ઘટાડો એ વૈશ્વિકરણનું જમા પાસુ છે. પરંતુ વૈશ્વિકરણે અસમાનતા અને પર્યાવરણ પ્રદૂષણમાં વધારો કર્યો હોવાની ચિંતાના પગલે તેની સામે મોટા પાયે આંતરરાષ્ટ્રીય સ્તરે વિરોધ ઉભો થયો છે.

સમગ્રપણે એવું ચિત્રઉપસી રહયુ છે કે ભારતીય અર્થતંત્રે પ્રગતિ તો કરી છે પરંતુ કેટલાક મહત્વના માનવીય વિકાસ ને લગતા પાસાઓ પરત્વે દુર્લક્ષ સેવાયુ છે. અને આ મુદ્દાઓ ઉપર પર વધુ ધ્યાન કેદ્રિત કરવાની જરૂર છે. છેલ્લાં પ્રસિધ્ધ થયેલ માનવીય સુચક આંકમાં ભારતનો ક્રમાક ૧૨૭મો છે.આપણા પાડોશી દેશો જેવા કે બાગ્લાદેશ , નેપાળ , તથા શ્રીલંકા જેઓની માથા દીઠ આવક ભારત કરતા ઘણી ઓછી છે. પરતું તેઓનું સરેરાશ આયુષ્ય , બાળમૃત્યુ દર , સ્ત્રી સાક્ષરતાદર , બાળ કુપોષણ , રસીકરણ જેવા મુદ્દાઓ ઉપર ભારતથી પણ સારો દેખાવ કરી રહયા છે જે ભારત માટે ચિંતાજનક છે. માનવીમાં મુડીરોકાણ એ સૌથી મહત્વનું મુડી રોકાણ છે જેનુ વળતર વર્ષો પછી દેશની પ્રગતિમાં દેખાય છે. તેથી ભારતે શિક્ષણ , આરોગ્ય , અને તેના દ્વારા માનવીય ક્ષમતા નિર્માણ પર ખાસ ભાર આપવાની જરૂર છે.